NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા,
સેકટર-૧૭, ગાંધીનગર
ફોન નંબર : (૦૭૯) ૨૩૨૩૪૯૩૯
ઈમેલ : ssamstatett@gmail.com

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

ક્રમાક : અંસઅંસ/QEM/રાજી/૨૦૨૨/ ૧૫૪૨૬ -૯૧૪ તા.૧૮.૦૫.૨૦૨૨

પ્રતિ,
જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સમગ્ર શિક્ષા, જિલ્લા : તમામ
એડી જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને
શાસનાધિકારીશ્રી, અમદાવાદ,રાજકોટ,વડોદરા,સુરત

**વિષય : બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો. ઓ.ને વેકેશનની કામગીરી સોંપવા બાબત.**

આપ સુવિદિત છો કે, સમગ્ર શિક્ષા અંતર્ગત કાર્યરત બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓ. ધ્વારા જોબચાર્ટ અનુસાર ક્ષેત્રીય કામગીરી તથા અન્ય પ્રોજેકટ વિષયક સમયમર્યાદાની કામગીરી કરવામાં આવે છે. આ કામગીરીમાં શાળાના શૈક્ષણિક કાર્ય દરમ્યાન નિશ્ચિત કરેલ શાળા મુલાકાત અને વર્ગખંડ અવલોકન પણ કરવામાં આવે છે.

હાલમાં રાજયની તમામ શાળાઓમાં ઉનાળું વેકેશન શરૂ થયેલ હોય, રાજય/જિલ્લા કક્ષાએથી વેકેશન દરમ્યાન જે કામગીરી સોંપવામાં આવે તે તેમજ સર્વેની કામગીરી માટે સીઆરસી/શાળા કક્ષાએ કામગીરી કરવાની રહેશે. આ સિવાયના સમયગાળામાં તમામ બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓ.એ બીઆરસી ભવન ખાતે હાજર રહીને, જિલ્લા/રાજયની સુચના મુજબ કામગીરી કરવાની રહેશે.

ઉકત બાબતે બીઆરસી ભવન ખાતે બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓ.ને એક સાથે વધુ સંખ્યામાં ઉપસ્થિત રાખવાના સંજોગોમાં કોવિડ-૧૯ની માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.

ઉકત બાબતોને ધ્યાને લઈ સુચારૂ અમલીકરણ સારૂ જિલ્લા કક્ષાએથી આ બાબતે તમામની કામગીરી સુનિશ્ચિત કરવી. જેથી કોઈ બિનજરૂરી વિક્ષેપ કે પ્રશ્ન ઉપસ્થિત ન થાય.

સચિવ અને ઓફિસર ઈન્ચાર્જ કયુઈએમ
સમગ્ર શિક્ષા, સેકટર-૧૭
ગાંધીનગર

**નકલ રવાના જાણ સારુ :**
- માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ૧૨/૧, જુના સચિવાલય, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, જીસીઈઆરટી, સેકટર-૧૨, ગાંધીનગર.